# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

1969 to 2029 ECHO OF HIS CALL SINCE 1969

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** 16 Languages **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

**VOL: XXVIII** YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 AUGUST **NO: 06**


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

### ગીતશાસ્ત્ર ૧૩૬: ૧ થી ૧૦

૧. યહોવાની સ્તુતિ કરો, કેમ કે તે ઉત્તમ છે; તેની કૃપા અનંતકાળ ટકનાર છે.

૨. દેવોના દેવની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૩. પ્રભુઓના પ્રભુની સ્તુતિ કરો; કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૪. જે એકલો મોટા ચમત્કારો કરનાર છે તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૫. જેણે પોતાના ડહાપણ વડે આકાશો ઉત્પન્ન કર્યાં છે તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૬. જેણે પાણી પર ભૂમિને વિસ્તારી છે તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૭. મહાન જ્યોતિઓના બનાવનારની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૮. દિવસ પર અમલ કરવાને જેણે સૂરજ બનાવ્યો તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૯. રાત ઉપર અમલ કરવાને જેણે ચંદ્ર તથા તારા બનાવ્યા તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.

૧૦. પ્રથમ જન્મેલાઓને સંહારીને જેણે મિસરને માર્યાં તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે.



## તમને ખ્રિસ્તના સારા સૈનિકો બનવા માટે તેડવામાં આવ્યા હતા!

**You are called to be a good SOLDIER FOR CHRIST!**

– બહેન એન્જલ



આપણા તારનાર તથા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં સલામ - આપણા પુનરુત્થાન પામેલા, રાજ કરનાર અને થોડા સમયમાં આવનારા રાજા.

આપણા સંસ્થાપક, એસ. સામ સેલ્વ રાજ વતી, **ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજના** કર્મચારીઓ અને વિશ્વાસુ સમર્થકો સાથે મળીને, અમે આ આનંદકારક અને આશીર્વાદિત ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પર દરેક ભારતીયને હૃદયપૂર્વકની સલામ અને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

આવો આ ઐતિહાસિક સીમાચિહ્નરૂપ આપણને જે સ્વતંત્રતાનો આશીર્વાદ મળ્યો છે તેની યાદ અપાવો, આપણી વચ્ચે એકતાના બંધનોને મજબૂત કરો અને આપણા પ્રિય દેશ માટે ઉજ્જવળ, શાંતિપૂર્ણ અને આશાઓથી ભરપૂર ભવિષ્ય તરફ સાથે મળીને કામ કરવા પ્રેરણા આપો.

જ્યારે આપણે આપણા દેશની આઝાદીની ઉજવણી કરીએ છીએ, ત્યારે આપણા હૃદયો સ્વાભાવિક રીતે બહાદુર પુરુષો અને સ્ત્રીઓના અસંખ્ય બલિદાનો પ્રત્યે કૃતજ્ઞતા સાથે વળે છે જેમણે આપણી આઝાદી માટે પોતાનો જીવ આપ્યો હતો.

(અનુસંધાન પાન ૩ પર)


ઈકો ઓફ હીઝ કોલ



ક્રિશ્ચિયન યૂટ્યુબ ચેનલ!

દરરોજ બે મિનિટનો સંદેશો

પાળક એસ. સામ સેલ્વ રાજ દ્વારા!

અંગ્રેજી, હિન્દી ભાષામાં – સવારે ૧.૦૦ વાગે,
તામિલ અને તેલુગુ ભાષામાં – સવારે ૨.૦૦ વાગે

અને

તામિલ અને અંગ્રેજી સંદેશો અને પ્રાર્થના

રવિવારે સવારે ૮.૩૦ વાગે અને સાંજે ૬.૦૦ વાગે

કૃપા કરીને સબસ્ક્રાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)
Estd. 1969



## from your dearly beloved brother...



" સીધે માર્ગે જનારાઓને તથા યહોવાના નિયમ પ્રમાણે ચાલનારાઓને ધન્ય છે.!" – ગીતશાસ્ત્ર ૧૧૯:૧

ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના અદ્‌ભુત નામમાં તમને વિશેષ શુભેચ્છાઓ!

તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આશીર્વાદિત થયા છો. તેઓ તમારા ભવ્ય ભવિષ્ય માટે નવા દરવાજા અને તકો ઉઘાડશે. આપણે દરેક પરિસ્થિતિમાં તેમના પર ભરોસો કરી શકીએ છીએ, જેમ આપણે કરીએ છીએ. જો કે, આપણે પ્રભુની સંમુખ વિશ્વાસુપણે ચાલવામાં સાવચેત રહેવું જોઈએ.

*"હું જીવલોકમાં યહોવાની સંમુખ ચાલીશ." – ગીતશાસ્ત્ર ૧૧૬:૯*

અમને મળેલી જાણકારી પરથી અમે સમજીએ છીએ કે, આવતા વર્ષની શરૂઆતથી, અમારે **ઈકો ઓફ હિજ કોલ** ન્યૂઝલેટરની પ્રત્યેક નકલ માટે ટપાલ તરીકે રૂ. ૨.૦૦ (રૂપિયા બે) ચૂકવવા પડશે. આ અમારા મિનિસ્ટ્રી પર નોંધપાત્ર નાણાંકીય બોજ વધારશે. તેથી, અમે નમ્રતાપૂર્વક તમારી પ્રાર્થનાઓને માટે વિનંતી કરીએ છીએ કે ઈશ્વર આપણા માનનીય સંદેશાવ્યવહાર મંત્રી અને ભારતના માનનીય વડા પ્રધાનના હૃદયોને હલાવે કે જેથી તેઓ **ઈકો ઓફ હીજ કોલ** જેવા રજિસ્ટર્ડ માસિક અખબારો માટેના વર્તમાન ટપાલ દર જાળવી રાખે. આવો ઈશ્વર આપણા માનનીય વડા પ્રધાન અને તેમની ટીમને સારા સ્વાસ્થ્ય, ડહાપણ અને લાંબા આયુષ્ય સાથે આશીર્વાદિત કરો.

૪ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાયેલા અમારા **નહેમ્યા બાઈબલ કોલેજોના** ૨૬મા પદવીદાન સમારોહને ઈશ્વરે કૃપાળુ રીતે આશીર્વાદ આપ્યા હતા.



*આપણા નહેમ્યા બાઈબલ કોલેજોનો ૨૬મો પદવીદાન સમારોહ*

સાડત્રીસ વિદ્યાર્થીઓ સ્નાતક થયા હતા અને તેમને ઈશ્વરની ભવ્ય મિનિસ્ટ્રીની સેવા માટે અલગ કરવામાં આવ્યા હતા. તેઓને હવે સુવાર્તિકો, પાળકો અને ખ્રિસ્તી મિનિસ્ટ્રીના સેવાકાર્યના અન્ય ક્ષેત્રોમાં સેવા આપવા માટે મિશન ક્ષેત્રમાં મોકલવામાં આવ્યા છે.

સુવાર્તિક બેન્જામિન મોસેસ, ઈશ્વરના મહાન માણસ અને સુવાર્તાના ઉત્કૃષ્ટ ઉપદેશક અને મલયાલમ **ઈકો ઓફ હિજ કોલ** સામયિકના સહ સંપાદક, તેમણે તેમની વહાલી પત્ની શ્રીમતી પ્રમિલા બેન્જામિન અને પુત્રી મિસ મહિમા બેન્જામિન સાથે અમારી મુખ્ય ઓફિસની મુલાકાત લીધી હતી અને અમારી સાથે આશીર્વાદિત સંગત માણી હતી. અમે તેમના માટે ઈશ્વરના આભારી છીએ.

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDIRM, MBA.

ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD
Sis. Sajini Cherian
Rev. Dr. J. John Rajarathnam, B.E.S., B.D., M.Th.
Rev. Dr. K.R. Rajasekaran
Adv. N. Balaji, B.Com., M.L.



EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers


10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293
Cell : (+91) 98410 71852, 98412 71858

E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

YOUTUBE CHANNEL
Echo of His Call



*સુવાર્તિક બેન્જામિન મોસેસ, સહ સંપાદક (મલયાલમ) અને પરીવાર*

ભારત લગભગ ૧.૫ અબજ લોકોની વસ્તી ધરાવતો એક મહાન લોકશાહી દેશ છે. આંકડા દર્શાવે છે કે ખ્રિસ્તીઓ કુલ વસ્તીના માત્ર ૨ ટકા છે. તેથી, આપણી પાસે ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વણખેડાયેલા લોકો સુધી પહોંચવાની મોટી જવાબદારી છે.

જ્યારે તમે આ સંદેશ વાંચો છો, ત્યારે જો ઈશ્વર તમારા હૃદય સાથે વાત કરે છે અને તમને આ સેવાકાર્યમાં ભાગ લેવા માટે દોરી જાય, તો અમે તમને તેમના માર્ગદર્શન પ્રમાણે તેમ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. કૃપા કરીને તમારી પ્રાર્થનાઓમાં તમારા સ્થાનિક પાળકો અને સેવકોને પણ યાદ રાખો અને જેમ પ્રભુ તમને સક્ષમ બનાવે તેમ તેમને ટેકો આપો. અમે તમારા માટે સતત પ્રાર્થના કરી રહ્યા છીએ, અને અમે ઈશ્વરને તમને સમૃદ્ધપણે આશીર્વાદિત કરવા માટે વિનંતી કરીએ છીએ.

**"...ફસલ પુષ્કળ છે ખરી, પણ મજૂરો થોડા છે. એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારુ મજૂરો મોકલે."** - માથ્થી ૯:૩૭-૩૮.

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

તેમની હિંમત, દ્રઢતા અને અતૂટ સમર્પણ એ પાયો બન્યાં હતાં જેના પર આપણી સ્વતંત્રતાનું નિર્માણ થયું હતું. લગભગ આઠ દાયકા પહેલા જીવી ગયેલા લોકોના બલિદાને તેની કિંમત ચૂકવી હતી જેને લીધે આજે આપણે આઝાદીનો આનંદ માણીએ છીએ. તેમનું લોહી એ બીજ બની ગયું હતું જેમાંથી આપણા દેશની આઝાદી ખીલી ઊઠી હતી.

આ મને એક વધુ મહાન બલિદાનની યાદ અપાવે છે - ૨,૦૦૦ કરતાં પણ વધુ વર્ષો પહેલા કાલવરીના વધસ્તંભ પર આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું બલિદાન. તેમના મૂલ્યવાન રક્તે આપણા માટે ઘણી મોટી અને શાશ્વત સ્વતંત્રતાની કીંમત ચુકવી છેઃ પાપ, માંદગી, વ્યસનો, આત્મિક બંધન અને પેઢીના શાપોમાંથી છુટકારો આપવા માટે.

***ઈશ્વરનું વચન જાહેર કરે છે:***

**"તેઓ આપણા વતી શાપિત થયા."** (ગલાતીઓને પત્ર ૩:૧૩).

તેમના બલિદાન દ્વારા, આપણને અંધકારમાંથી છોડાવવામાં આવ્યા છે અને તેમના અદ્‌ભુત પ્રકાશમાં લાવવામાં આવ્યા છે. ઈસુ ખ્રિસ્તે પોતે જાહેર કર્યું હતું:

**"તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે."** યોહાન ૮:૩૨.

ઈશ્વરની સ્તુતિ થાઓ - આપણે ખરેખર ઈસુ ખ્રિસ્તમાં મુક્ત થયા છીએ!

***ઈસુ ખ્રિસ્ત અને તોફાનઃ***

માર્કની સુવાર્તાના ૪થા અધ્યાયમાં, આપણે ઈસુ ખ્રિસ્ત હોડીમાં સૂઈ રહ્યા હતા તે શક્તિશાળી અહેવાલ વાંચીએ છીએ જ્યારે તેમના શિષ્યોએ મોટા ભયંકર તોફાનનો સામનો કરવો પડ્યો હતો. ડરને કારણે, તેઓએ તેમને જગાડ્યા અને બૂમ પાડી કેઃ

**"ઉપદેશક, અમે નાશ પામીએ છીએ, તેની તમને શું કંઈ ચિંતા નથી?"**

ઈસુ ખ્રિસ્ત ઊઠ્યા, પવન તથા સમુદ્રને ધમકાવ્યા અને પછી તેમના શિષ્યોને તેમના વિશ્વાસને લીધે પડકાર્યા હતા. તેઓ વિસ્મયથી ભરાઈ ગયા હતા કેમ કે તેઓ પોતે સર્જન પરની તેમની સંપૂર્ણ સત્તાના સાક્ષી બન્યા હતા. **માર્ક ૪:૩૬ કહે છેઃ**

**"અને લોકને મૂકીને ઈસુ હતા એમ ને એમ તેઓ તેમને પોતાની સાથે હોડીમાં લઈ જાય છે."**

ઈસુ ખ્રિસ્ત સતત સેવાકાર્ય કરી રહ્યા હતા. તેઓ શારીરિક રીતે થાકી ગયા હતા, ભાવનાત્મક રીતે ઘસાઈ ગયેલા હતા અને તેમને લોકોના ટોળાથી દૂર આરામની ક્ષણની જરૂર હતી - તેમના શિષ્યો સાથે શાંત સમય ગાળવા.

તેઓ તેમને જેમ તેઓ હતા તેમ જ લઈ ગયા - થાકી ગયેલા અને જેમને ઊંઘની જરૂર હતી. જેવી હોડીની મુસાફરી શરૂ થઈ હતી કે તરત જ ઈસુ ખ્રિસ્ત ઊંઘી ગયા હતા.




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

આપણામાંના ઘણા આની સાથે સંબંધિત હોઈ શકે છે. મહેનત, સેવાકાર્ય, જવાબદારીઓ અથવા સેવાના લાંબા દિવસ પછી, જે ક્ષણે આપણે શાંત જગ્યા શોધીએ છીએ, ત્યારે થાક આપણા પર હાવી થઈ જાય છે.

તેમ છતાં આ જ કલમની અંદર, એક નાનકડી પણ નોંધપાત્ર વિગત છે જે ઘણીવાર અવગણવામાં આવે છે - એક ઊંડી આત્મિક સાક્ષાત્કાર વહન કરતી વિગતઃ

**અને ત્યાં બીજી હોડીઓ પણ તેમની સાથે હતી.**

ફક્ત માર્ક જ આ વિગતની નોંધ કરે છે. માર્કની સુવાર્તામાં ઘણા આબેહૂબ પ્રત્યક્ષદર્શી વર્ણનો છે, જે પિતર, માછીમાર અને ઈસુનો સૌથી નજીકનો શિષ્ય હતો તેનાથી પ્રભાવિત હોવાનું માનવામાં આવે છે.

માર્ક અનન્ય રીતે ઘણી વિગતોની નોંધ કરે છે, જેમાં સામેલ છેઃ

* **ઈસુ ખ્રિસ્ત ઓસીકા પર માથું ટેકવીને ઊંઘતા હતા.** (માર્ક ૪:૩૮)
* **પાંચ હજારને ખવડાવતી વખતે સઘળાં લીલા ઘાસ પર બેઠા હતા.** (માર્ક ૬:૩૯)
* **તેઓ હારબંધ સો સો તથા પચાસ પચાસ બેઠા.** (માર્ક ૬:૪૦)
* **આંધળા માણસને બે તબક્કામાં સાજો કરવામાં આવ્યો હતો.** (માર્ક ૮:૨૨-૨૫)

તેથી, જ્યારે માર્ક લખે છે, "**બીજી હોડીઓ પણ તેમની સાથે હતી,**" તે અનાવશ્યક વિગત નથી. તે એક શક્તિશાળી આત્મિક સત્યને પ્રગટ કરે છેઃ

તમારું જીવન જોવામાં આવે છે. તમારા તોફાનોનું અવલોકન કરવામાં આવી રહ્યું છે. તમારા છૂટકારાની સાક્ષી કોઈ બીજા માટે મુક્તિનું દ્વાર બની શકે છે. તોફાનની વચમાં ઈસુ ખ્રિસ્તને અનુસરતી નાની હોડીઓ માટે હું ઈશ્વરનો આભાર માનું છું.

## નાની હોડીઓ આપણને શું યાદ અપાવે છે?

### ૧. યાદ રાખોઃ તમે નાની હોડીઓથી ઘેરાયેલા છો, જે તમને જોઈ રહી છે.

ઈશ્વરે આપણને તેમના સદગુણો પ્રગટ કરવા માટે તેડ્યા છેઃ

"**પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા પ્રભુના ખાસ લોક છો કે, જેથી જેણે અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે, તેના સદગુણો તમે પ્રગટ કરો.**" ૧ પિતરનો પત્ર ૨:૯.

આપણને ખ્રિસ્તમાં મુક્તિ કેવળ આપણા માટે જ નહિ, પણ જેથી તેમનું અજવાળું આપણા જીવનો દ્વારા પ્રકાશિત થાય અને બીજાઓને તેમની તરફ દોરી લઈ જાય તે માટે આપણને મુક્તિ પ્રાપ્ત થઈ છે.

આપણને ખ્યાલ હોય કે ન હોય, લોકો આપણને જોતા હોય છે - આપણો વિશ્વાસ, આપણું વલણ, આપણા શબ્દો, આપણી ક્રિયાઓ, દબાણ હેઠળ આપણો પ્રતિભાવ અને જીવનના તોફાનોમાં આપણે આપણી જાતને કેવી રીતે દોરીએ છીએ તે.

*ઈસુ ખ્રિસ્તે કહ્યુંઃ*

"**તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે.**" માથ્થી ૫:૧૬.

તોફાનોની વચ્ચે પણ, આવો આપણા જીવનો ઈશ્વરની ભલાઈને પ્રગટ કરો અને અન્ય લોકોને આકાશમાંના આપણા પિતાને મહિમા આપવાનું કારણ બનો.

મને ખબર નથી કે શા માટે તે નાની હોડીઓ ઈસુની હોડીની પાછળ ગઈ હતી. કદાચ :

* કેટલાક જિજ્ઞાસાથી પાછળ પાછળ ગયા હતા.
* કેટલાક પાછળ પાછળ ગયા હતા કારણ કે તેઓ તેમના કાર્યોથી આશ્ચર્યચકિત થયા હતા.
* કેટલાક અવલોકન કરવા અને ટીકા કરવા માટે પાછળ પાછળ ગયા હતા.
* કેટલાક પાછળ પાછળ ગયા હતા કારણ કે તેઓ વચનને માટે ભૂખ્યા હતા.
* કેટલાક ફક્ત નજીકમાં જ હતા, માછીમારો અને પ્રવાસીઓની જેમ.

તેઓનું કારણ ગમે તે હોય, તોફાન આવ્યું હતું ત્યારે શિષ્યોએ કેવી પ્રતિક્રિયા આપી હતી તેના તેઓ સાક્ષી હતા.

આપણી આસપાસની આ નાની હોડીઓ કોણ છે?

આપણા બાળકો

* આપણા જીવનસાથી
* આપણા પરીવારના સભ્યો
* આપણા સાથીદારો
* આપણા પડોશીઓ
* આપણી મંડળીના કુટુંબો
* આપણો સમાજ

તમે જીવનમાં એકલા જ હોડી હંકારતા નથી. ત્યાં તમારી સાથે નાની હોડીઓ સફર કરે છે, તમારી મુસાફરીનું અવલોકન કરે છે.

### ૨. યાદ રાખોઃ તમે ઈસુ ખ્રિસ્તને સાથે લઈ જાઓ છો - તેઓ નથી લઈ જતાઃ

શિષ્યોની હોડી અને નાની હોડીઓ વચ્ચેનો સૌથી મોટો તફાવત તોફાન ન હતો - તે ઈસુ ખ્રિસ્તની હાજરી હતી.

નાની હોડીઓ એ જ પાણી પર હતી અને તે જ તોફાનનો સામનો કર્યો હતો, પણ ઈસુ ખ્રિસ્ત તેમની હોડીમાં ન હતા.

જો કે, આપણે જ્યાં પણ જઈએ ત્યાં ઈસુ ખ્રિસ્તને સાથે લઈ જઈએ છીએ. આપણે પવિત્ર આત્માનું મંદિર છીએ. ઈસુ ખ્રિસ્તની હાજરી આપણી સાથે છે.

છતાં આપણી આસપાસના ઘણા લોકો હજુ પણ તેમના વિના જીવે છે - ભય, મૂંઝવણ, નિરાશા, આત્મિક બંધન અને પાપના બંધનોની સાંકળોમાં ફસાયેલા છે. તેઓ જોઈ રહ્યા છે કે જેઓ ઈસુ ખ્રિસ્તને લઈ જાય છે તેઓ કેવી રીતે પ્રતિક્રિયા આપે છે, બોલે છે અને જીવે છે.

*ઈસુ ખ્રિસ્તે જાહેર કર્યું હતુંઃ*

"**પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારુ તેણે મારો અભિષેક કર્યો છે; બંદીવાનોને છૂટકો તથા આંધળાઓને દ્રષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા મને મોકલ્યો છે.**" લૂક ૪:૧૮.

આ યાદ રાખોઃ તમે મુક્તિના એલચી છો.

ઈશ્વરે તમને મુક્ત કર્યા છે જેથી તમે તમારી આસપાસની નાની હોડીઓ માટે તેમની મુક્તિના સ્રોત બની શકો.

તમારી હોડીમાં કોણ છે - અને કોણ નથી તે ક્યારેય ભૂલશો નહિ.

તમારું જીવન એક સંદેશ છે જે લોકો પહેલેથી વાંચી રહ્યા છે.

તમે કયો સંદેશો આપી રહ્યા છો?

### ૩. યાદ રાખોઃ તોફાને દરેક હોડીને સ્પર્શ કર્યો હતો!

તોફાન ફક્ત ઈસુ ખ્રિસ્તને લઈ જતી હોડી પર જ ત્રાટક્યું ન હતું; તેણે પાણી પરની દરેક હોડીને અસર કરી હતી.

વિશ્વાસીઓ અને અવિશ્વાસીઓ બંને તોફાનોનો સામનો કરે છે. આપણી હોડીમાં ઈસુ ખ્રિસ્ત સાથે હોવાનો અર્થ એ નથી કે આપણે ક્યારેય તોફાનોનો સામનો કરીશું નહિ - પણ તેનો અર્થ એ છે કે આપણી પાસે એક તારનાર છે જેઓ દરેક તોફાન કરતા મહાન છે.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✞ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ઓગસ્ટ ૧૯:** આપણી **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજને પ્લેટ મેકર, પ્લેટ ગ્રાઈન્ડર્સ, સ્કીન પ્રિન્ટર્સ અને અન્ય લોકો તરફથી બાહ્ય સમર્થન સાથે આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૦:** આપણી **નહેમ્યા બાઈબલ કોલેજોના** ફેકલ્ટી સભ્યોને અને તેમના કુટુંબોને આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૧:** આપણી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** આચાર્ય, કર્મચારીવર્ગ અને વિદ્યાર્થીઓ સાથે આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૨:** ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આયોજિત અમારી ૫૭મી વર્ષગાંઠની ઉજવણીને આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૩:** આપણા મિશનના કાર્યકરો દ્વારા બતાવવામાં આવેલી મોટી પ્રતિબદ્ધતાને માટે.

**ઓગસ્ટ ૨૪:** ઈશ્વરની આપણા વડીલ પાળક અને તેમના કુટુંબની કાળજીને માટે.

**ઓગસ્ટ ૨૫:** પાછલા મહિના દરમિયાન અમારી બધી જરૂરિયાતો પૂરી પાડવા માટે.

**ઓગસ્ટ ૨૬:** આપણા ચર્ચોમાં નવા સભ્યોને ઉમેરવા માટે.

**ઓગસ્ટ ૨૭:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને વિનંતી કરનારા ભાગીદારો પરની અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**ઓગસ્ટ ૨૮:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે નવા પ્રવેશોને માટે.

**ઓગસ્ટ ૨૯:** અમારા સર્વ કર્મચારી સભ્યો અને તેમના કુટુંબીજનોનું રક્ષણ કરવા માટે.

**ઓગસ્ટ ૩૦:** નૈતિક રીતે અને નાણાંકીય બંને રીતે ટેકો આપતા આપણા ભાગીદારો સાથે અમને આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૩૧:** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહ સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મિનિસ્ટ્રીને વિશ્વાસુપણે સહાયરૂપ થાય છે.

**સપ્ટેમ્બર ૦૧:** અમને સમર્પિત કર્મચારીઓ સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ તેમની જવાબદારીઓ ઐક્ય સાથે અને મનની એકતા સાથે નિભાવે છે.

**સપ્ટેમ્બર ૦૨:** આપણા મુખ્ય ચર્ચમાં યુવાનો અને યુવતીઓ માટેની અમારી યુવા સંગતને આશીર્વાદિત કરવા માટે.

**સપ્ટેમ્બર ૦૩:** મિશન ક્ષેત્રોમાં આપણા મિશનરીઓ અને તેમના કુટુંબોને સુરક્ષિત રાખવા માટે.

## ✞ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**સપ્ટેમ્બર ૦૪:** આ મહિનાની અમારી સર્વ જરૂરીયાતો ઈશ્વર પૂરી પાડે તે માટે.

**સપ્ટેમ્બર ૦૫:** આપણી **નહેમ્યા બાઈબલ કોલેજોના** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ - ૨૦૨૭ના સર્વ વિદ્યાર્થીઓને માટે.

**સપ્ટેમ્બર ૦૬:** આપણી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના સર્વ વિદ્યાર્થીઓને માટે.

**સપ્ટેમ્બર ૦૭:** આપણા રાજ્ય કો-ઓર્ડિનેટરો અને તેમના કુટુંબોની સુખાકારીને માટે.

**સપ્ટેમ્બર ૦૮:** અમને ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં પહોંચવામાં સક્ષમ કરવા માટે.

**સપ્ટેમ્બર ૦૯:** અમારી મિનિસ્ટ્રીયલ પ્રવૃત્તિઓ અને ભવિષ્યના ભાવિ વિસ્તરણને માટે.

**સપ્ટેમ્બર ૧૦:** સુવાર્તા છાપખાનામાંના આપણા પ્રિન્ટર, આસિસ્ટન્ટ પ્રિન્ટર અને છાપખાનાના સર્વ કર્મચારી સભ્યોને માટે.

**સપ્ટેમ્બર ૧૧:** સમગ્ર વિશ્વમાંની મહિલાઓ અને બાળકોની સલામતી અને સુરક્ષાને માટે.

**સપ્ટેમ્બર ૧૨:** પ્રભુ મદ્યપાન કરનારાઓને અને દુષ્કર્મીઓને પસ્તાવો કરવા તરફ લઈ આવે તે માટે.

**સપ્ટેમ્બર ૧૩:** સર્વ દેશો મધ્યે એકતા અને શાંતિ રહે તે માટે.

**સપ્ટેમ્બર ૧૪:** ખ્રિસ્તી ઉપદેશકો વિશ્વાસુપણે અને સમાધાન વિના સુવાર્તાની ઘોષણા કરે તે માટે.

**સપ્ટેમ્બર ૧૫:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો પરના ઈશ્વરના આશીર્વાદો અને રક્ષણને માટે.

**સપ્ટેમ્બર ૧૬:** ઈશ્વરના સેવકો જેઓ જેલોમાં સેવા આપી રહ્યા છે તેમને માટે.

**સપ્ટેમ્બર ૧૭:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજ, તેમની બહુવિધ મિનિસ્ટ્રીઓ માટે નવા દર્શનથી આશીર્વાદિત થાય તે માટે.

**સપ્ટેમ્બર ૧૮:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજને અને તેમના કુટુંબની સર્વ દુષ્ટ પરિબળોથી સલામતી અને સુરક્ષાને માટે.

(પાન ૪ થી આગળ...)

આપણા તોફાનો કદાચ આમાંથી પસાર થઈ શકે છે:

* ભાવનાત્મક લડાઈઓ
* નાણાંકીય દબાણો
* કૌટુંબિક સંઘર્ષો
* સ્વાસ્થ્ય પડકારો
* આત્મિક હુમલાઓ

શત્રુઓ તોફાનોનો ઉપયોગ આપણને ફક્ત આપણા પોતાના દુઃખ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને આપણી આસપાસની નાની હોડીઓને ભૂલી જવા માટે કરે છે. તે આપણને આ સાથે દબાવી દેવા ઈચ્છે છે

* ચિંતા અને ભાવનાત્મક બોજાઓ
* કૌટુંબિક જવાબદારીઓ
* નાણાંકીય મુશ્કેલીઓ
* શારીરિક નબળાઈ
* આત્મિક થાક

જ્યારે આપણે આપણા પોતાના સંઘર્ષોથી સંપૂર્ણ રીતે હારી જઈએ છીએ, ત્યારે આપણે જેઓને આપણી પ્રાર્થનાઓની, પ્રોત્સાહનની, કરુણાની અને સાક્ષીની જરૂર હોય છે તેની નોંધ લેવામાં નિષ્ફળ જઈએ છીએ.

પણ ઈશ્વર આપણને તોફાન ઉપર હાવી થવા માટે તેડે છે.

*યશાયા ૪૦:૩૧ જાહેર કરે છે:*

**"પણ યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે; તેઓ ગરૂડની પેઠે પાંખો પ્રસારશે; તેઓ દોડશે, ને થાકશે નહિ; તેઓ આગળ ચાલશે, ને નિર્ગત થશે નહિ."**

તમને એવું લાગશે કે તમે સહન કરવા માટે ખૂબ જ ભારે બોજો લઈને, તોફાનમાંથી બચવા ઈચ્છતા હોવ, ત્યારે એકલા ખીણમાંથી પસાર થઈ રહ્યા છો. તેમ છતાં જે ઈશ્વરે તમને તેડ્યા છે તેઓ વિશ્વાસુ રહે છે.

આજે તમે જે તોફાનનો સામનો કરી રહ્યાં છો તે સાક્ષી બની શકે છે જે તમારી મુસાફરીને જોઈ રહેલી અસંખ્ય નાની હોડીઓ માટે આશા અને સ્વતંત્રતા લાવે છે.

તમે અત્યારે જે યુદ્ધનો અનુભવ કરી રહ્યા છો, તે જ ઈશ્વર અન્ય લોકો માટે આશીર્વાદમાં પરિવર્તિત કરી શકે છે – તે લોકો માટે પણ જેમને કદાચ તમે ક્યારેય જાણતા નથી.

હિંમતવાન બનો.

નાની હોડીઓને બતાવો કે તમારી હોડીમાં ઈસુ ખ્રિસ્ત હોવાનો અર્થ શું છે.

## ૪. તોફાનમાં તમારો પ્રતિસાદ નાની હોડીઓને પ્રભાવિત કરે છે

જ્યારે શિષ્યો ગભરાઈ ગયા અને બૂમ પાડવા લાગ્યા હતા:

**"ઉપદેશક, અમે નાશ પામીએ છીએ, તેની તમને શું કંઈ ચિંતા નથી?"** ત્યારે તેમની આસપાસની નાની હોડીઓ પણ ચોક્કસ ભયથી ભરાઈ ગઈ હશે.

જો ઈસુ ખ્રિસ્તને લઈ જતી હોડી ધ્રૂજતી હોય, તો બીજાઓને માટે શું કોઈ આશા હતી?

સંકટમાં તમારો પ્રતિભાવ ઘણીવાર દિલાસાના સમયે તમારા શબ્દો કરતાં મોટેથી બોલે છે.

શું તમે તેઓની જેમ જવાબ આપો જેમને કોઈ આશા હોતી નથી? અથવા તોફાનમાં જે તમારી સાથે છે તેને તમે જાહેર કરો છો?

ત્રણ હિબ્રૂ જુવાન માણસોએ જાહેર કર્યું હતું:

**"અમારા ઈશ્વર જેમની અમે ઉપાસના કરીએ છીએ, તેઓ અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી છોડાવવાને શક્તિમાન છે....પણ જો નહિ છોડાવે.. તોપણ"** (દાનિયેલ ૩:૧૭-૧૮)

વિશ્વાસની કેટલી શક્તિશાળી અભિવ્યક્તિ:

"જો તેઓ નહિ છોડાવે..તોપણ."

શું આપણી પાસે એવો વિશ્વાસ છે જે ફક્ત સંજોગો પર નિર્ભર નથી – એક વિશ્વાસ જે દૂરથી જોતી દરેક નાની હોડીને સામર્થ્યવાન બનાવે છે??

*પાઉલે જાહેર કર્યું હતું:*

**"...જેમના પર મેં વિશ્વાસ કર્યો તેમને હું ઓળખું છું."** ૨ તિમોથીને પત્ર ૧:૧૨.

તોફાન દરમિયાન તમારો વિશ્વાસ કોઈક બીજાની તાકાત બની શકે છે.

## ૫. યાદ રાખોઃ નાની હોડીઓ તમારા છૂટકારા પર અડેલી છે.

જ્યારે ઈસુ ખ્રિસ્તે તોફાનને શાંત કર્યું, ત્યારે તેમની આસપાસની દરેક નાની હોડીઓએ તેમના સામર્થ્યની અસરનો અનુભવ કર્યો હતો. ચમત્કાર માત્ર શિષ્યો માટે જ ન હતો; તે દ્વારા નજીકની દરેક હોડીમાં પણ શાંતિ આવી હતી.

વહાલા ભાઈઓ અને બહેનો, કેટલીકવાર ઈશ્વર આપણને મુશ્કેલીઓ, તોફાનો, કસોટીઓ અને અણધારી મોસમોમાંથી પસાર થવા દે છે કારણ કે તેઓ અન્ય લોકો માટે આશા લાવવા માટે આપણા છૂટકારાનો ઉપયોગ કરવાનો ઈરાદો ધરાવે છે.

તમારી પ્રગતિ કોઈ બીજાઓને માટે આશીર્વાદ બની શકે છે.

તમારી પ્રાર્થના અન્ય વ્યક્તિ માટે દરવાજા ઉઘાડી શકે છે.

તમારું ખંતીલાપણું એવી વ્યક્તિને મજબૂત કરી શકે છે જે મૂંગે મોઢે સંઘર્ષ કરી રહ્યો છે.

(...પાન ૯ પર આગળ...)

નહેમ્યા બાઈબલ કોલેજો
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (અર્ધ સમય માટે)
લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૭ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ – માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર – મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો – અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો – (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચોઃ સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો – સેમિનાર અને રિટ્રીટ્સ
૯. કુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું – પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ – ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ – રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)

**૧૪. વહેલી સવારની ભજનસેવા – રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૫. પ્રારંભિક ભજનસેવા – રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૬. તામિલ ભજનસેવા – રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૭. જુવાનોની સભા – રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૮. સહભાગીતા ભોજન – રવિવારે બપોરે ૧ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા – રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. હિન્દી ભજનસેવા – રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
**૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા – રવિવારે સાંજે ૬.૦૦ વાગે**

૨૨. પ્રતિભાવ સમય – સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા – બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પુરૂષોની પ્રાર્થનાસભા – શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો – શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ – મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત – દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા – પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા – પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા – ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા – બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા – બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના – દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા – દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય – સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
**Echo of His Call, Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ

### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**“જે વાંચે, તે સમજે”** (માથ્થી ૨૪:૧૫)

## તમે સોગણું પામશો અને અનંતજીવનનો વારસો પામશો!

**“જે કંઈ કામ તારે હાથ લાગે તે મન લગાડીને કર”** - સભાશિક્ષક ૯:૧૦.

**“જે માણસ પવન પર ધ્યાન રાખ્યા કરે છે તે વાવશે નહિ; અને જે માણસ વાદળ જોતો રહે છે તે કાપણી કરશે નહિ.”** - સભાશિક્ષક ૧૧:૪.

બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અને બાઈબલ કોલેજો દ્વારા જીવનના તમામ ક્ષેત્રના લોકોને બાઈબલના ગહન સત્યો શીખવવાની મારી લાંબા સમયથી ઈચ્છા હતી. આ બોજ મારા હૃદયમાં ઊંડે સુધી જડાયેલો હતો અને વર્ષોથી વધુ મજબૂત થતો ગયો હતો. જો કે, હું મારી જાતને નિઃસહાય જોઈ હતી,



કારણ કે મારી પાસે ન તો આવકનો સ્રોત હતો કે ન તો આ દર્શનમાં મને માર્ગદર્શન આપવા અને ટેકો આપનાર કોઈ હોય. તે સમયગાળા દરમિયાન, હું અને મારો પરિવાર ગરીબીમાં ખૂબ જ ઓછી સગવડો ધરાવતા નાના મકાનમાં ભારે મુશ્કેલી સહન કરતા રહેતા હતા.

૧૯૮૦માં, મને ઈન્ડિયા બાઈબલ લિટરેચર (IBL) નામની સંસ્થા તરફથી સુવાર્તાનું એક પેકેટ મળ્યું હતું. તે ખોલ્યા પછી, તેમાંથી મને સુવાર્તાની ઘણી ટ્રાકો અને પત્રવ્યવહાર અભ્યાસક્રમની પુસ્તિકા મળી હતી. જેમ જેમ હું તેમાંથી વાંચતો ગયો તેમ તેમ, મને વિવિધ ભાષાઓમાં ભારતભરના લોકો સુધી પહોંચવા માટેની એવી જ સામગ્રીનો ઉપયોગ કરવામાં ઊંડો રસ પડ્યો હતો. વિલંબ કર્યા વિના, હું મારી જૂની સાયકલ પર ચેન્નાઈના થાઉઝન્ડ લાઈટ્સ ખાતે આવેલી ઈન્ડિયા બાઈબલ લિટરેચર ઑફિસે ગયો.



ત્યાં, હું શ્રી વેલુ નામના એક જુવાનને મળ્યો, જેઓ શ્રી વેલાયુથમ તરીકે પણ જાણીતા હતા, અને જેઓ હવે એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. પત્રવ્યવહાર અભ્યાસક્રમના પુસ્તકોને કાળજીપૂર્વક પેકેટમાં મૂકીને અને બહાર મોકલવાના કામને કરતા જોઈને મને ઈશ્વરના મહિમા માટે એવું જ કાર્ય કરવા પ્રેરણા મળી હતી.

હું આદરપૂર્વક તેમની પાસે ગયો અને પૂછ્યું કે શું તેઓ મને કેટલાક અભ્યાસક્રમના પુસ્તકો આપી શકે છે. તેમણે મને જણાવ્યું કે દરેક પુસ્તકની કિંમત ૫૦ પૈસા (અડધો રૂપિયા) છે. મેં તેમને સમજાવ્યું કે હું એક ગરીબ પરિવારમાંથી આવ્યો છું અને સામાન્ય માસિક પગાર સાથે સરકારી વિભાગમાં નોકરી કરતો હતો. મારી પરિસ્થિતિથી પ્રભાવિત થઈને તેમણે ઉદારતાથી મને દસ પુસ્તકો મફતમાં આપ્યા.

છતાં, મને સંતોષ થયો નહોતો. મેં મારી જાતને બહાર મોકલવા મૂકેલા પુસ્તકોના હોલની અંદરના ઘણા પુસ્તકોને જોતાં જોયો. એવું લાગતું હતું કે તેઓ મને બોલાવી રહ્યા હતા, મને અરજ કરી રહ્યા હતા કે તેઓને હું લઈ જાઉં અને તેઓને તે લોકોના હાથમાં સોંપું જેમને ખ્રિસ્તના જ્ઞાનની જરૂર છે. હું મારી જાતને ત્યાંથી જવા માટે હટાવી શક્યો નહિ.


થોડી વાર પછી બીજા એક સજ્જન મારી પાસે આવ્યા અને પૂછ્યું, તમે કોણ છો અને આટલા લાંબા સમયથી અહીં ઉભા રહીને અમારા કાર્યાલયમાં કેમ જોયા કરો છો?” મેં તેમને સમજાવ્યું કે હું જીવંત પ્રભુ ઈશ્વર, ઈસુ ખ્રિસ્તની સેવા કરવાની મોટી ઈચ્છા સાથે મર્યાદિત કમાણી કરતો માણસ હતો, અને હું વધુ પત્રવ્યવહાર અભ્યાસક્રમના પુસ્તકો મેળવવા ઈચ્છતો હતો. તેમણે મને કહ્યું કે જો હું જરૂરી પૈસા લાવીશ તો હું તેમને ખરીદી શકીશ.

તે ક્ષણે, મેં એક મુશ્કેલ નિર્ણય લીધો -- મેં મારી જૂની સાયકલ વેચવાનું પસંદ કર્યું, જે મારી એકમાત્ર મિલકત હતી અને પરિવહનનું સાધન હતું.




હું તરત જ નજીકની સાઈકલની મરામત કરનારની દુકાનમાં ગયો, મારી સાઈકલ સો રૂપિયામાં વેચી અને બસો પત્રવ્યવહાર અભ્યાસક્રમના પુસ્તકો ખરીદ્યા. મારી મુસાફરીનું એકમાત્ર સાધન વેંચી નાખીને, હું થાઉઝન્ડ લાઈટ્સથી મારા ખભા અને માથા પર પુસ્તકો ઊંચકી લઈને મારા ઘર સુધી લગભગ પાંચ કિલોમીટર ચાલીને ગયો.

આટલો બધો ભારે ભાર ઊંચકી લઈને



જવાની ટેવ ન હોવાથી હું જલ્દી થાકી ગયો હતો. બે વાર, પુસ્તકો મારા ખભા પરથી સરકી ગયા હતા અને રસ્તા પર પડી ગયા હતા. મારા સંઘર્ષ દરમિયાન કેટલાક લોકોએ મારી મજાક ઉડાવી હોવાથી હું અસહાયતા અને અપમાનિત લાગણી અનુભવી રહ્યો હતો. તેમ છતાં, ઈશ્વરની કૃપાથી હું સુરક્ષિત રીતે ઘરે પહોંચી ગયો અને મારા સર્વ સામર્થ્ય સાથે પુસ્તકોનું વિતરણ શરૂ કર્યું.

સ્વર્ગસ્થ ભાઈ એમ. પૌલરાજની સહાયતાથી ઈશ્વરે મને પત્રવ્યવહાર અભ્યાસક્રમનું ''નવું જીવન - તમારા માટે!'' નામનું પુસ્તક બહાર પાડવા સક્ષમ બનાવ્યો હતો. પાછળથી, અમે **ઈકો ઓફ હીઝ કોલ નહેમ્યા સાંધ્ય બાઈબલ કોલેજોની** સ્થાપના કરી હતી. હા, મારા વહાલા મિત્રો, ત્યાં એક સમય એવો હતો જ્યારે ઈશ્વરના રાજ્યની ખાતર મારે મારી જૂની સાયકલને વેંચી દેવી પડી હતી. મારા કુટુંબીજનો અને મિત્રોએ તેને મૂર્ખતા અને અજ્ઞાનતાનું કૃત્ય માન્યું હતું અને તે નિર્ણયને કારણે મને ઘણી જ શરમ આવી



હતી. તેમ છતાં આજે, ઈશ્વરે મને તેમના સેવાકાર્યમાં મદદ કરવા માટે વાહનો પૂરા પાડ્યા છે અને વિશ્વાસુ સહકાર્યકરો આપ્યા છે.

ત્યાં એક સમય એવો પણ હતો જ્યારે હું વ્યક્તિગત રીતે મારા ખભા અને માથા પર સુવાર્તા સાહિત્ય લઈ જતો હતો. મારી જુવાની દરમિયાન તે દુઃખદાયક અને અપમાનજનક અનુભવ હતો. પણ આજે, ઈશ્વરે મને લઈ જવા અને સુવાર્તાની સામગ્રી અને મિનિસ્ટ્રીના કાર્યકરોને લઈ જવા માટે કાર અને મિનિબસની વ્યવસ્થા કરી આપી છે.

વહાલા મિત્રો, તમારા જીવન માટે અને તમારા ભવિષ્ય માટે પણ ઈશ્વરની પાસે અનન્ય યોજના છે. તમારી પાસે હજી સમય છે. તમે ઈશ્વરને તેમના રાજ્ય માટે જે કંઈ પણ સમર્પિત કરશો તે ક્યારેય નિરર્થક નહિ જાય. ઈસુ ખ્રિસ્તને તમારા ઉદાહરણ તરીકે લો અને રાજ્યલક્ષી દર્શન સાથે તેમની મિનિસ્ટ્રીમાં કંઈક મૂલ્યવાન રોકાણ કરો. તમારા જીવન પરના ઈશ્વરના આશીર્વાદોનો કોઈ અંત નથી.

**યાદ રાખોઃ**

**ત્યાં એક જ જીવન છે; તે ટૂંક સમયમાં ભૂતકાળ બની જશે; ખ્રિસ્ત ઈસુ માટે જે કર્યું છે તે જ ટકી રહેશે!**

*******

(પાન ૬ થી આગળ...)

કેટલીકવાર ઈશ્વર આપણને તોફાનોમાંથી પસાર થવા દે છે જેથી આપણી સાક્ષી અન્ય વ્યક્તિની મુક્તિનો, સ્વતંત્રતા માટેનો માર્ગ બની જાય.

પાઉલ તથા સિલાસને યાદ કરો. જ્યારે તેઓને બંદીખાનામાં પૂરવામાં આવ્યા હતા અને તેમને પગે સાંકળો બાંધવામાં આવી હતી, ત્યારે તેઓ નિરાશાને શરણે થયા ન હતા. તેને બદલે, તેમણે ગીતો ગાવામાં, ભજનમાં તેમના અવાજો ઉંચા કર્યા હતા.

બાઈબલ કહે છેઃ

**''મધરાતને સુમારે પાઉલ તથા સિલાસ પ્રાર્થના કરતા હતા તથા ઈશ્વરનાં સ્તોત્ર ગાતા હતા, અને બંદીવાનો તેઓનું સાંભળતા હતા.''** પ્રેરિતોનાં કૃત્યો ૧૬:૨૫.

તમારી આસપાસના લોકો જેઓ ભય, જૂઠાણાં અને શત્રુઓની યોજનાઓથી ફસાયેલા છે, જ્યારે તમે તમારા તોફાનોમાંથી પસાર થાઓ છો ત્યારે તેઓ સાંભળે છે.

તેઓ શું સાંભળે છે?

શું તેઓ ભજન, વિશ્વાસ અને વિજય સાંભળે છે?

અથવા શું તેઓ ડર, ફરિયાદો અને નિરાશા સાંભળી રહ્યા છે?

પછી અચાનકઃ

**''ત્યારે એકાએક એવો મોટો ધરતીકંપ થયો કે, બંદીખાનાના પાયા હાલી ગયા; બધાં બારણાં તરત ઊઘડી ગયાં; અને સર્વનાં બંધનો છૂટી ગયાં.''** પ્રેરિતોનાં કૃત્યો ૧૬:૨૬.

મારા વહાલા ભાઈઓ અને બહેનો, શબ્દ પર લક્ષ આપોઃ

**સર્વનાં**

ફક્ત પાઉલ તથા સિલાસના જ નહિ - દરેકને તેમની મુક્તિ મળી હતી.

કેદીઓ કે જેઓ તેમની નજીક હતા, જાણીતા અને અજાણ્યા, મુક્તિ અનુભવતા હતા કારણ કે ઈશ્વરના બે સેવકોએ દુઃખની વચ્ચે ભજન કરવાનું પસંદ કર્યું હતું.

તે ઈશ્વરની કૃપાનું સામર્થ્ય હતું.

તમારું ભજન એ ચાવી બની શકે છે જે સાંકળો ખોલી નાખે છે જે તમે કદાચ ફરી ક્યારેય જોઈ શકશો નહિ. આમીન!

## સર્વને માટે મુક્તિ, છૂટકારો

ઈસુ ખ્રિસ્તે આપણને દરેકને તેમની મુક્તિના સાધન બનવા માટે તેડ્યા છે - શત્રુઓની યોજનાઓથી બંધાયેલા છે એવા લોકો સુધી પહોંચવા માટે - છેતરપિંડી, ભય અને અંધકારની યોજનાઓ.

નાની હોડીઓ હજુ પણ આપણી આસપાસ છે.

તેઓ આશાની શોધમાં છે.

તેઓ શાંતિ માટે ઝંખે છે.

તેઓ ઈસુ ખ્રિસ્તની સત્યતા જોવા માટે રાહ જોઈ રહ્યા છે.

તમે અને હું તેઓનો સામનો કરતા ઈસુ ખ્રિસ્તનું પ્રતિબિંબ હોઈ શકીએ છીએ.

ફક્ત તમારી પોતાની હોડીમાં જ ઈસુ ખ્રિસ્ત હોવાથી સંતુષ્ટ થશો નહિ. તમારી આસપાસની નાની હોડીઓને પણ તેમની જરૂર છે.

આવો ઈશ્વર આપણને તેમની મુક્તિને આપણી આસપાસના લાખો લોકો સુધી પહોંચાડવા સક્ષમ કરો - જેમાંથી ઘણાઓને કદાચ આપણે અનંતકાળ સુધી ક્યારેય મળી શકીશું નહિ. ઈશ્વરે આપણને એવાઓ માટે ખરા સ્વાતંત્ર્ય સેનાની બનવા માટે તેડ્યા છે જેઓ હજુ પણ નાની હોડીઓમાં છે, ઈસુ ખ્રિસ્તની હાજરી વિના મુસાફરી કરે છે.

**નાની હોડીઓને યાદ રાખો!!**

*****************

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

## OUR QR CODE:

ECHO OF HIS CALL

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત ઋતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, પ્રાથ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારું પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારું સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 17th AUGUST 2026

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**